તા.૨૫/03/૨૦૨૦ સુધી ફક્ત આવશ્યક સેવાઓ જ ચાલુ રાખવા બાબત

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
સચિવાલય ગાંધીનગર
તા. ૨૨/03/૨૦૨૦.

જાહેરનામા ક્રમાંક:-૧૩/એનસીવી/૧૦૨૦૨૦/એસ.એફ.એસ.૧/ગ

કોરોના વાયરસ COVID-19ની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમિક ડીસીઝ એક્ટ ૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંક એનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧ તા.૧૩/03/૨૦૨૦ ના જાહેરનામાથી રાજ્યમાં "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" લાગુ કરવામાં આવેલ છે.

સમગ્ર કચ્છ જિલ્લા વિસ્તારમાં માત્ર નીચે મુજબની આવશ્યક સેવાઓ જ તા.૨૫/03/૨૦૨૦ સુધી ચાલુ રાખવાની રહેશે.

- તમામ સરકારી અને નગરપાલિકા કોર્પોરેશન/પંચાયત સેવાઓ
- દૂધ-શાકભાજી,ફળ-ફળાદી, કરીયાણું, પ્રોવીઝનલ સ્ટોર.
- મેડીકલ સ્ટોર, દવાખાના/હોસ્પિટલ, લેબોરેટરી, દવા/મેડીકલ સાધનોની ઉત્પાદક કંપની તથા તેમના રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર્સ, ફાર્મસી, આરોગ્યલક્ષી સેવાઓ.
- વીજળી અંગેની સેવાઓ, વીમા કંપની, ઈન્ટરનેટ/ટેલિફોન તથા આઈ.ટી અને આઈ.ટી સંબંધિત સેવાઓ
- રેલવે અને ટ્રાન્સપોર્ટેશન સેવા, મીડીયા-સમાચાર પત્રો, પેટ્રોલપંપ, પાણી પુરવઠો તથા ગટરવ્યવસ્થા તંત્ર
- બેંક/એ.ટી.એમ., બેંકનું ક્લીયરીંગ હાઉસ, સ્ટોક એક્સચેન્જ
- તમામ આવશ્યક વસ્તુઓના ગોડાઉન તથા અન્ય અતિ આવશ્યક સેવાઓ.
- ખાદ્ય પદાર્થો તથા ખાદ્ય સામગ્રી, દવાઓ, પેસ્ટકન્ટ્રોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન, પરિવહન અને પુરવઠા વ્યવસ્થા અને તેને લગતુ ઈ-કોમર્સ

આ જાહેરનામાના ભંગ બદલ સંબંધિતોની સામે "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" અન્વયે કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરેશ પરમાર)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- કમિશ્નરશ્રી, (આરોગ્ય),કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- જિલ્લા કલેક્ટરશ્રી, કચ્છ.
- અધિક નિયામકશ્રી,(પ.ક.) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(આરોગ્ય) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(તબીબી) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(ત.શિ.) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથી, પધ્ધતિ,૧,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, તબીબી સેવાઓ કામદાર રાજ્ય વિમા યોજના,ઇન્કમટેક્ષ ઓફિસ સામે આશ્રમરોડ, અમદાવાદ..
- કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગર
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય,બ્લોક નં. ૧૯ ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. આ બાબતની રાજ્યમાં બહોળી પ્રસિધ્ધિ અર્થે.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી/ ઉપસચિવશ્રી
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦.